


## સલામી સવારની..

*ઉઘરાણીનાં વાગે ડાકલાં ધૂણે કાળી ચૌદશ !*
*ઉધારીયા શરમે છૂપાય, ખૂણે કાળી ચૌદશ !*
*ડરાવે - ધમકાવે સૂણે ન કોઈનું ભૂત-પ્રેત,*
*બચાવે કષ્ટભંજન સૌને - શુભ કાળી ચૌદશ...*

### હાઈકુ

*છોડો ઉચાટ,*
*ને કાઢો કકળાટ -*
*રાંધો લાપસી...*

*રહો સંપીને -*
*સેવા-ત્યાગ-ભાવથી*
*થશે વાપસી...*

## ચિંતન

*કથં જ્ઞાનમવાપ્નોતિ કથં મુક્તિર્ભવિષ્યતિ ।*
*વૈરાગ્યં ચ કથં પ્રાપ્તમેદ્ બ્રુહિ મમ પ્રભો ॥*

ઉપરોક્ત શ્લોક અષ્ટ્રાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

હે મહાનુભૂતિ, મને જ્ઞાન, મુક્તિ અને વૈરાગ્ય મને કયારેય અને કઈ રીતે મળશે એ કહો.

અષ્ટ્રાવક્રે સમજાવ્યું છે કે હે રાજા, જ્ઞાન, મુક્તિ અને વૈરાગ્ય આંખના પલકારામાં પ્રાપ્ત થઈ શકે તેમ છે. માણસ પોતાની જાતમાંથી જાતને જુદી કાઢે અને પછી પેલી અસલ જાતનું નિરીક્ષણ કરે તો એને એ જ ક્ષણે જ્ઞાન, બોધ અને મુક્ત પ્રાપ્ત થઈ શકે છે.

જાતનમાંથી જાતને જુદી કાઢીને જાતને જોવી એ એક અદ્‌ભૂત કળા છે. આપણે બધું જ જોઈએ છીએ પણ આપણી જાતને જોતા નથી એટલે જે સચ્ચાઈ છે ત્યાં સુધી પહોંચાતું નથી. જે દેહનું વિદેહી કહેવાય છે. દેહમાં રહીને વિદેહી થવાની આ વાત અષ્ટ્રાવક્રે રાજા જનકને સમજાવી છે.

## સુવિચાર

- ધર્મની વિરાધના એટલે કોઈ જીવને જરાક પણ દુઃખ દેવાનો ભાવ થવો તે - **દાદા ભગવાન**
- જીવમાત્રને સૂઝ પડે છે, વિશેષ પ્રકારે મનુષ્યોને પડે છે તેથી તો મનુષ્ય દેહ ઉત્તમ ગણાયો - **એસ. ભટ્ટાચાર્ય**
- આ ઈશ્વરમાં જ બધા લોકો વસેલા છે - **ઋગ્વેદ**
- જે મૂંગા છે તેઓ જ વાતોડિયાની વધુ ઈર્ષા કરે છે - **રોહિત શાહ**
- પોતાના કામમાં જ રચ્યા પચ્યા રહેવું અને ચૂપ રહેવું એ બદનામીનો સૌથી ઉત્તમ જવાબ છે - **જ્યોર્જ વોશિંગ્ટન**
- તમે ચાહો એવા બીજા ન બને તો ગુસ્સે ન થતા, તમે પોતે જ તમે ચાહો છો એવા કયાં થઈ શકો છો ? - **સંત થોમસ**
- આજનું ઔષધ : ૨૦૦ મી.લી. પાણીમાં ચાર જામફળના કુમળા પાનઉમેરી ઉકાળી તે પાણીમાં સહેજ મીઠું નાખી કોગળા કરવાથી દાંત અને પેઢાના દુઃખાવામાં રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

સખત ગરમીના દિવસોમાં એક દસેક વર્ષનો છોકરો ટ્રાફિક સિગ્નલ ઉપર ઊભો રહીને સુગંધી ફૂલો વેચી થોડું ઘણું કમાય. પરિવારને મદદ થાય. તેની પાસે પહેરવા માટે જૂતાં ન હતા. લોકો પૈસા ઓછા કરાવે, કે અપમાન કરી કાઢી મૂકે. પણ છોકરો મહેનત કર્યા કરતો. છોકરાના પગ પણ લાલ થઈ રહ્યા હતા. એક સજ્જનને એની મહેનત પર માન થયું. અને તેના દાઝેલા પગ જોઈ દુઃખ થયું. એમણે બે ઘડી તે છોકરાના પગને ધ્યાનથી જોઈ લીધા અને બજારમાં જઈ આશરે માપના જૂતા લઈ લીધા. ટ્રાફિક સિગ્નલ ઉપર આ જૂતા પેલા છોકરાને આપ્યા. છોકરાનો ચહેરો ખુશીથી ચમકી ઊઠ્યો. એણે તરત જ જૂતા પહેલી લીધા અને એના ચહેરા પર રાહત થઈ. સજ્જન ત્યાંથી ચાલતા થયા ત્યારે પેલા છોકરાએ હાથ પકડીને પૂછ્યું, ‘શું તમે ભગવાન છે ??’ સજ્જને કહ્યું, ‘ના, હું ભગવાન નથી.’ છોકરો હસ્યો, પછી બોલ્યો, ‘તો પછી નક્કી તમે ભગવાનના દોસ્ત હશો !! કારણ કે મેં આજે ભગવાનને બહુ પ્રાર્થના કરી હતી કે આ ગરમીમાં મારા પગ દાઝી ગયા છે. મને કયાંકથી ફાટેલાં જૂતા મળે તેવું કરજો. અને તમે નવા જૂતાં લઈને આવ્યા.... નક્કી તમે ભગવાનના મિત્ર હશો.’ સજ્જનને સમજાયું કે ભગવાનના દોસ્ત કેવી રીતે બનાય...!! ભલાઈ કરવાથી ખુશી જરૂર મળે જ છે.

# પ્રજાનું હીર દર્શાવતાં પરિણામો



લોકશાહીમાં લોક ધારે તો શું કરી શકે એના પરચા આપણા દેશના રાજકારણીઓને વારંવાર મળતા રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રાજકીય ક્ષિતિજે ધમાકેધાર ઉદય તો આવો જ એક પરચો હતો. ઉત્તર પ્રદેશ જેવા દેશના સૌથી મોટા રાજયમાં અણધારી બહુમતી અને કોંગ્રેસ જેવી રાષ્ટ્રવ્યાપી અસર ધરાવતી પાર્ટીનાં સૂપડાં સાફ કરી અશ્વમેઘના ઘોડાની જેમ એક પછી એક રાજયોમાં ભગવો લહેરાવતા ભાજપને લોકસભાની ચૂંટણીમાં બેફામ બહુમતી મળી ગયા પછી પેટાચૂંટણીમાં કંગાળ પ્રદર્શન જોવું પડશે એવી તો કલ્પના જ કયાંથી હોય! વિશેષપણે જમ્મુ અને કાશ્મીરના ખાસ દરજ્જાને સમાપ્ત કરી દેતી ઐતિહાસિક ક્રાંતિ જેવો નિર્ણય જયારે લોકમુખે સતત ચર્ચાતો હોય અને વડાપ્રધાનની સતત વાહ વાહ જ સંભળાતી હોય, જયારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા ચિદંબરમ તિહાડ જેલની હવા ખાઈ રહ્યા હોય અને મહારાષ્ટ્રમાં પણ ઈડીની તપાસનું ઉંબાડિયું મરાઠા નેતા શરદ પવારથી લઈ પ્રફુલ્લ પટેલ સામે તોળાઈ રહ્યું હોય - આવી વિપરીત પિરસ્થિતિમાં જયારે કોંગ્રેસ પાસે પ્રચાર કરનાર કોઈ પ્રતિષ્ઠિત સ્ટાર પ્રચારક ઉપલબ્ધ ન હોય, છતાં કોંગ્રેસ હરિયાણામાં લગોલગ ચાલે, દુષ્યંત ચૌટાલાના નેતૃત્વ હેઠળ નવી જ રચાયેલી પાર્ટી કિંગમેકરની ભૂમિકામાં આવી જાય, ત્યારે પણ પ્રજાની ખુમારી તો વરતાયા વગર નથી જ રહેતી. મહારાષ્ટ્રમાં શિવસેનાના સહયોગથી અને હરિયાણામાં અપક્ષોને લોભલાલચ આપીને કે નવી પાર્ટીને હાથ પર લઈને ભાજપની સરકાર રચાઈ જશે તો એથી ભાગ્યે જ કોઈને આશ્ચર્ય થશે. પરંતુ પરિણામોની તાસીર ભાજપની નેતાગીરી સામે લાલબત્તી સમાન છે. કથળેલી આર્થિક પરિસ્થિતિમાંથી દેશને ઉગારવામાં નિર્ણાયક પગલાં ભરવાને બદલે ૩૭૦ની કલમને જ વટાવતા રહેવાતી પ્રજાને ખુશ નહીં રાખી શકાય -

**તંત્રીસ્થાનેથી...**

કાશ્મીર પ્રશ્ને વાહવાહી જરૂર થશે પરંતુ વોટિંગ તો નક્કર કામગીરીના આધેર જ થશે તે આ ચૂંટણી પરિણામોની ફળશ્રુતિ છે. ગુજરાતની છ વિધાનસભા બેઠકો પૈકી ત્રણ પર કોંગ્રેસનો વિજય તો વળી ગુજરાતની નેતાગીરી કરતાં સવિશેષ પક્ષપલટાની નીતિને પ્રોત્સાહન આપતા હાઈકમાંડ સામેની લાબબત્તી છે. બાયડ અને રાધનપુરની બેઠકો પરથી ચૂંટાયેલા કોંગ્રેસી ધારાસભ્યોને ભાજપની સાથે જવામાં અંગત લાભ દેખાયો અને શરતી પક્ષપલટો કરી કોંગ્રેસમાંથી તથા વિધાનસભામાંથી રાજીનામું આપી ભાજપના જ પ્રતીક પર પેટાચૂંટણી લડ્યા. એમની હાર એ ખરેખર મતદાતાઓની જીત છે. જરૂર નહોતું કે બદલાયેલા સંજોગોમાં જ એ બેઠકો પર કોંગ્રેસ વિજયી થઈ હોત. પરંતુ ભાજપ દ્વારા એ બેઠકો પર પક્ષપલટુઓને ટિકિટ અપાઈ એથી પ્રજાજનોમાં એક નફરતનું મોજું સરજાયું. વળી ખુદ ભાજપના જૂના કાર્યકરોને પાર્ટીની આ કૂટનીતિ ન ગમી. પરિણામો આપણી સામે છે. થરાદની બેઠક તો વર્ષોથી આંજણા ચૌધરીના ફાળે જતી હતી. ભલા રાજકારણીઓ તરીકેની ઓળખ ધરાવતા પરબત પટેલને રંગેચંગે લોકસભામાં જિતાડનારી પ્રજાએ એ બેઠકની પેટાચૂંટણીમાં ભાજપના આંજણા ચૌધરી ઉમેદવારને હરાવી કોંગ્રેસના રાજપૂત ઉમેદવારને જિતાડયો છે. ભારતીય જનતા પાર્ટીની પ્રદેશ નેતાગીરી ભલે લાફા મારીને ગાલ રાતા રાખવાનો દેખાવ કરે, પરંતુ ચૂંટણીનાં ચાણક્ય પુરુષ અમિત શાહ તો આ પરિણામોનો શો અર્થ નીકળે તે સમજે જ છે. કોંગ્રેસને મૃતપ્રાય દશામાંથી આળસ મરડીને બેટી કરનારા પરિણામોનો સાર એટલો જ કે કોઈ ચમરબંધીને પણ પ્રજા ગાંઠી નથી કે ગાંઠશે નહીં - એને જે સમયે જે યોગ્ય લાગશે તે જ નિર્ણય અને ચુકાદો આપશે.

## યે મન ભી કિતના બાવલા હૈં, જિતના પાતા હૈં ઉતના ઔર પાના કી ચાહ રખતા હૈં

*યે મન ભી કિતના બાવલા હૈં, જિતના પાતા હૈં ઉતના ઔર પાના કી ચાહ રખતા હૈં*

*- આલોક નાથ*

૧૯૯૪માં આવેલી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સંપૂર્ણ સિકલ ફેરવી નાખી, સૂરજ બરજાત્યાના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મ ખૂબ જ સફળતમ ફિલ્મોમાની એક ફિલ્મ હતી, સલમાન ખાન, માધુરી દિક્ષિત, મોહનીશ બહલ, અનુપમ ખેર, આલોક નાથ, રીમા લાગૂ જેવા માંધાતા કલાકારોને લઈને જ પોતાના જ પ્રોડક્શન(તારચંદ બરજાત્યા) એ બનાવેલી ’નદીયા કે પાર’(૧૯૮૨) સચિન અને સાધના સિંહને લઈને બનાવેલી આ ફિલ્મને ફરી નવા રૂપરંગમાં બનાવીને દર્શકો સામે મૂકી અને ઈતિહાસ રચી દિધો.




સૂરજ બરજાત્યાએ જ આ ફિલ્મનાં સંવાદ લખ્યા હતા, ફિલ્મમાં આ સંવાદ આલોક નાથના મુખે બોલાવવામાં આવ્યો છે.

**પૂર્ણેષુ પૂર્ણેષુ પુનર્નવાનામુત્પત્તયઃ સન્તિ મનોરથાનામ ।**

**- સ્વપ્નવાસવદત્તમ**

મનોરથો પૂરા થવા છતાં બીજા-બીજા નવા મનોરથો મનમાં થયા કરે છે.

ઈ.સ.પૂર્વે પાંચમી સદીની શરુઆતનાં સમયમાં થઈ ગયેલા મહાન નાટ્યકાર ભાસની આ ઉત્તમ નાટ્યકૃતિઓમાંની એક મનાય છે.મહાકવિ ભાસ રચિત કુલ ૧૩ નાટકો માનવામાં આવે છે,ઈ.સ. ૧૯૧૨માં ટી.ગણપતિશાસ્ત્રીએ ત્રાવણકોરમાં ક્રમશઃ આ નાટકોની હસ્તપ્રત દર્શકો સમક્ષ મૂકી.

ઉદયનકથાઓ કે પછી ઐતિહાસિક કથાઓ પર આધારિત આ નાટકમાં કુલ ૬ અંક છે, અને ભાસ રચિત બધા જ નાટકોમાંથી સૌથી શ્રેષ્ઠ આ જ નાટકને માનવામાં આવે છે. આ કથા વત્સરાજ ઉદયન,યોગન્ધનારાયણ તથા વાસવદત્તા જેવા પાત્રોની આસપાસ ગૂથાતી જાય છે.

‘સ્વપ્રવાસદત્તમ’ માટે નવમી સદીનાં કવિ રાજશેખર કહે છે કે કસોટીકારોએ ભાસનાં નાટકસમૂહની અગ્નિ પરીક્ષા કરી ત્યારે અગ્નિ પણ “સ્વપ્રવાસવદત્તમ”ને બાળી ન શક્યો-

**ભાસનાડકચક્રે અપિ છ્હેકૈઃ ક્ષિપ્તે પરીક્ષિતુમ ।**
**સ્વપ્નવાસવદત્તસ્ય દાહકોઽભૂન્ન પાવકઃ ॥**

- jayuoza@gmail.com
Mo.9898046488

## ગઝલસંગ્રહ ‘યાદ તો આવે જ ને !’નું વિમોચન

વૃત્તસંચય

● મનુભાઈ પંચોળી ‘દર્શક’ ફાઉન્ડેશનનો સાહિત્ય અવોર્ડ-૨૦૧૮, મુંબઈ સ્થિત વાર્તાકાર અને નવલકથાકાર લેખિકા સુશ્રી ઈલા આરબ મહેતાને આપવામાં આવશે. પિતા ગુણવંત આચાર્યનો સાહિત્ય વારસો ઝીલનાર ઈલા આરબ મહેતાની ૧૮ નવલકથાઓ પ્રગટ થયેલી છે, સાથોસાથ તેમનું નવલિકા લેખન અને પ્રવાસ વર્ણન લેખન પણ ચાલુ છે. તેમના લેખનમાં માનવહૃદયની સૂક્ષ્મ સંવેદનાઓ અને ભાવનાઓના સંઘર્ષનું ઝીણવટભર્યું, કલાત્મક અને હૃદયસ્પર્શી આલેખન થયું છે.

● રામકથાકાર રામાયણી સંત પૂ. મોરારિ બાપુ દ્વારા પ્રતિવર્ષ ગુજરાતી વિદ્યમાન કવિઓને પ્રતિષ્ઠિત ‘આદિકવિ નરસિંહ મહેતા એવોર્ડ આપવામાં આવે છે.’ આ વર્ષે વડોદરાના પ્રસિદ્ધ ગઝલકાર ખલીલ ધનતેજવીને આપવામાં આવ્યો છે.




● નર્મદ સાહિત્યસભા, સુરત દ્વારા અને ૨૦૧૪ અને ૨૦૧૬ના વર્ષનો ‘નાનુભાઈ નાયક ચંદ્રક’ વડોદરાના લોકસાહિત્ય સંશોધક તથા પત્રકાર દુર્ગેશ ઉપાધ્યાયને તથા વર્ષે ૨૦૧૫ થી ૨૦૧૭નો ‘જનક નાયક ચંદ્રક’ દિનેશ પંચાલને આપવાનો સમારોહ ડૉ. પ્રફુલ્લ દેસાઈના અધ્યક્ષપદે યોજાઈ ગયો.

● ઓમ કોમ્યુનિકેશન, અમદાવાદ દ્વારા, વડોદરાના સુખ્યાત ગઝલકાર ભરત ભટ્ટ ‘પવન’ના ગઝલસંગ્રહ ‘યાદ તો આવે જ ને !’નું વિમોચન કવિ માધવ રામાનુજ ના હસ્તે થયું.

● નર્મદ સાહિત્ય સભા; સુરત દ્વારા ચાલુ વર્ષે ‘નર્મદ ચંદ્રક’ હરીશ મિનાશ્રુને ‘બનાસ ડાયરી માટે’ (૨) મનસુખ સલ્લાને ‘તુલસી ક્યારાના દીવા’ માટે (૩) નવલિકા માટે નંદશંકર ચંદ્રક ગિરીશ ભટ્ટને તેમના વાર્તાસંગ્રહ ‘બે કાઠાની અધવચ’ માટો સુશ્રી પ્રીતિ સેનગુપ્તાને (૫) મનહર ચોકસી ચંદ્રક ડૉ. પ્રભુલ્લ દેસાઈને તેમના ગઝલ વિષયક પુસ્તક ‘ગઝલચર્યા’ માટે આપવામાં આવનાર છે.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

# કૃષ્ણભક્તિની અમૂર્ત ગાથા : નાગદમણ

માવલ વરસડો મૂળ મુહિમ,
ઘર આલો અખિયાત
લીલ છે ઝુલો લભ્ભિયો
સાંયાજી ભલભાત.

આપણાં વિશાળ ભાષા સાહિત્યમાં જ્ઞાનપ્રધાન પરંપરાના સર્જકો સાથેજ ભક્તિપ્રધાન સંતો તથા સાધકોનો એક મોટો વર્ગ સાહિત્ય અને સંસ્કારની રસધાર વહાવતો ઊભો છે. બાર બીજના ધણીની ભક્તિમાં કોઈ જગાએ વાડા અથવા સંપ્રદાય કે ક્રિયાકર્મનું અધિક મૂલ્ય નથી. આ સંતોને હરિ સાથેનું કે પરમ તત્વ સાથેનું તાદાત્મ્ય જાણે કે સહજ છે. શ્વાસ અને ઉચ્છવાસ જેવું અને જેટલુંજ સહજ હરિ સાથેનું તેમનું સાયુજ્ય છે. હરિ એમને હાથવગો છે. જ્ઞાનમાર્ગી પંડિતોને જે અઘરો કે દુષ્કર લાગે છે તે હરિવર સંતોને સાવ સહેલો લાગે છે. આવા ભક્તિમાર્ગના સમર્થ કવિઓમાં તુલસી કે નરસિંહની હરોળમાં બેસી શકે તેવા સંત કવિઓમાં સાંયાજી ઝૂલા તથા ઈસરદાસજીનો સમાવેશ થાય છે. લીલછા (જિ. સાબરકાંઠા)ના ચારણ કવિ સાંયાજી ઝૂલા તેમની કૃષ્ણભક્તિની ઉત્તમ કૃતિઓથી અમરત્વને પામેલા છે. ભક્તકવિનો જન્મ સવંત-૧૬૩૨ માં થયો હોવાનો મત પ્રમાણભૂત ગણવામાં આવે છે. સાંયાજી તેમની કૃષ્ણભક્તિની રચનાઓ થકી વિશેષ પ્રસિધ્ધિને વરેલા છે. શ્રાવણ મહીનામાં અને કૃષ્ણ જન્મોત્સવના સુમંગળ અવસરે સાંયાજીની અનેક રચનાઓ અભ્યાસુઓની સ્મૃતિમાં આવે છે. જોકે યોગેશ્વર કૃષ્ણનું સ્વરૂપજ કંઈક એવું છે કે માત્ર ભારતવર્ષનાજ કવિઓ નહિ પરંતુ દેશ બહારના પણ અનેક કવિઓએ કૃષ્ણભક્તિનો મહિમા પ્રસન્નતાથી ગાયો છે. કવિ દયારામે તો કૃષ્ણનો જેમાં સંદર્ભ ન હોય તેવી વાણીને નિરર્થક ગણાવી છે. દયારામ લખે છે :

કૃષ્ણ ભજો કૃષ્ણ કહો કૃષ્ણ સુણો પ્રાણી,
કૃષ્ણના સબંધ વિના વંધ્યા સૌ વાણી.

ભક્તકવિ સાંયાજી ઝૂલાની અનેક રચનાઓમાં ‘નાગદમણ’ વિશેષ ખ્યાતિને વરેલી રચના છે. ‘નાગદમણ’ પુસ્તકની પુનઃ પ્રસિધ્ધિ કરાવીને અધ્યાપક ડૉ. દિલીપ ચારણ (ગુજરાત યુનિવર્સિટી) આપણી પ્રશંસાના અધિકારી થયા છે. નામદમણના ભાવાનુવાદનું અઘરું કાર્ય અનુભવી તથા અભ્યાસુ વૃત્તિના જિતુદાન ગઢવીએ સુંદર રીતે કરેલું છે. પરમેશ્વર તથા પ્રકૃતિની આરાધના એ ચારણ કવિઓની અનેક રચનાઓમાં કેન્દ્રસ્થાને છે. સાંયાજી ઝૂલાના અનેક સર્જન એ કૃષ્ણભક્તિનો ઊંડાણથી થયેલો ભાવસભર પ્રયાસ છે.




‘નાગદમણ’ ના પ્રસંગમાં કૃષ્ણ અને નાગણીઓ વચ્ચેનો સંવાદ એ મહત્વની ઘટના છે. અનેક કવિઓએ પણ આ પ્રસંગને પોતપોતાની રીતે કાવ્યમાળામાં પરોવેલો છે. નાગણીઓ વ્યાકુળ થઈને આ મનોહર બાળકને સરોવર છોડી જવાનું કહે છે. આ માટે જાતજાતની લાલચ પણ આપે છે. પરંતુ છેવટે ગોપાળકૃષ્ણ પોતાની મહત્તા સ્પષ્ટ કરે છે. સાંયાજી લખે છે :

રહો તો ઘરે દાવ દૂજો રહાવાં,
મોરો ઘાટ વેરાટ એથી ન માવાં,
ચમંકે ચમંકે સખે ચિત્ત ચેતી
લળે પાય લાગી વળે લુણ લેતી.

કૃષ્ણ કહે છે કે હવે હું અહીં રહીશ તો આશ્રિત તરીકે નહિ પરંતુ વિજેતા તરીકે રહીશ. કૃષ્ણ પોતાના વિરાટ સ્વરૂપનું જાણે કે વાતવાતમાં દર્શન કરાવે છે. નાગપત્નીઓ હવે આ બાળકનો મહીમા પારખીને ચમકી જાય છે. કૃષ્ણને વંદન કરી તેનું લૂણ ઉતારે છે. નરસિંહના કાવ્ય વૈભવમાં પણ બાળગોપાળ પોતાનું સ્વરૂપ પ્રગટ કરી નાગણીઓને કહે છે :

જગાડ તારા નાગને
મારું નામ કૃષ્ણ કહાનડો.

અને કૃષ્ણ દર્શનથી કૃતાર્થ થયેલી નાગણીઓ કૃષ્ણ દર્શન કરી કહે છે :

અમે અપરાધી કાંઈ ન
સમજ્યા, ન ઓળખ્યા ભગવંતને.

‘નાગદમણ’ માં ડિંગળ ભાષાની સમૃધ્ધિનું છલોછલ દર્શન થાય છે. મેઘાણીએ પણ ‘નાગદમણ’ માં રહેલી ડિંગળ વાણીની ઓજસ્વીતાને વધાવી છે. શયનસુખ ભોગવી રહેલા પરમાત્માને ઢંઢોળીને જગાડવાનો કવિ સાંયાજી ઝૂલાનો પ્રયાસ એ એક અર્થમાં આત્મચેતનાને જાગૃત કરવાનો પ્રયાસ હોય તેમ પણ લાગે છે. સાંયાજી ઝૂલાના ‘નાગમદણ’ નો પ્રારંભ આ વાતની પ્રતિતિ કરાવે છે.

વિહાણે નવે નાથ જાગો વહેલાં,
હુવા દોહિવા ધેન ગોવાળ હેલા
જગાડે જશોદા જદુનાથ જાગો
મહીમાટ ઘૂમે નવેનિત માંગો.

કૃષ્ણ એ તો આ દેશના માલધારીઓ – પશુપાલકોના પહેલા પ્રતિનિધિ છે. ગાયો તથા ગોપ ગોવાળો પશુઓને લઈને વગડામાં જવા તૈયાર થયા છે. પરંતુ ગોપનાયક ક્યાં છે ? સૌની વ્યાકુળતાને ધ્યાનમાં લઈને માતા યશોદા કાનને જગાડે છે. અહીં નરસિંહની સ્મૃતિ થવી સ્વાભાવિક છે.

જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા,
તુજ વીના ધેનુમાં કોણ જાશે...

એકવાર માતા જગાડે પછી તો જાગવું એ બાળ ગોપાળને અનિવાર્ય બને છે. જાગ્યા પછી પોતાની રાહ જોતાં ગોવાળો તેમજ ગાયોને હાંકીને વગડાની વાટે કૃષ્ણ સહીતનો આ સમૂહ ઉપડે છે. આવા રળિયામણા દ્રષ્યને નીરખીને આહીરાણીઓ જન્મોજન્મની ધન્યતાનો ભાવ અનુભવે છે.

હેરી હો... હેરી હો... હરિ ધેન હાંકે
ઝરૂખે ચડી નંદ કુમાર ઝાંકે
અહિરાણીયાં અવ્વલાં ઝુલ્લ આવે
ભગ્ગવાનને ધેન ગોપી ભળાવે.

રામાયણ કે ભાગવત એ આપણાં અખંડ તથા અક્ષર સાહિત્ય સ્ત્રોત છે. ભક્તિમાર્ગના અનેક નામાંકિત કવિઓની અમર રચનાઓ ભાગવતની કથાઓના આધારે બની છે. આપણું સાહિત્યજ નહિ પરંતુ આપણી સંસ્કૃતિને પણ આ મહાકાવ્યોની અસર થવા પામી છે. આપણાં લોકોત્સવો કે લગ્નગીતો સુધ્ધા આ મહાકાવ્યોની કથાઓના ભાવને ઝીલે છે. આ રીતે મહાકાવ્યોની અનેક કથાઓ આપણાં લોકજીવન થકી જીવંત છે. ભક્તિ આંદોલને સમગ્ર દેશમાં પોતાનો પ્રભાવ પાથર્યો હતો. નરસિંહ, પ્રેમાનંદ કે ત્રિકમ સાહેબ જેવા સમર્થ સર્જકોએ અનેક ભક્તિપ્રધાન રચનાઓ અંતરના ઉમળકાથી લખી અને સમાજે તેને ઝીલી લીધી છે. ભક્તકવિ સાંયાજી ઝૂલાની રચનાઓ પણ ભક્તિમાર્ગમાં અનંત કાળ સુધી ટકી રહે તેવી પ્રાણવાન છે. યોગેશ્વરની આરાધના કરતા આ સંત કવિઓની કૃતિ તથા કીર્તિ કાળના વહેતા પ્રવાહમાં સ્થિર રહે તેવી પ્રાણવાન છે.

# બા પારસણ જેવી લાગે એ માટે બાપુએ બૂટમોજાં પહેરતાં શીખવ્યા હતા!

બંગાળના નોઆખલીમાં બાપુ જયારે કોમી દાવાનળને ઠારવા માટે પહોંચ્યા હતા તે સમયે મનુબહેને તેમની સાથે આવવા માટે પત્ર લખ્યો હતો. અને ગાંધીજીએ તેમને મંજૂરી આપી હતી. બાપુની રજાથી એ જયારે બંગાળ પહોંચ્યા અને બાપુને જોતાવેંત પ્રણામ કર્યા ત્યારે મનુબેનના માથા ઉપરથી સાડી ખસી ગઈ હતી. બાપુએ તો મનુનો કામ ખેંચીને કેમ આવી ગઈ ને આટલું જ હરખભેર કહ્યું હતું. અને સાડી માથેથી છૂટી ગઈ એ વાતનું મનુબેનને પણ ધ્યાન ન હતું. પણ એ જ રાતે બાપુએ તેમને સમજાવ્યું - ‘ગુજરાતી સાડી તો શેઠાણીઓના કામની, જેને હિંડોળે હિંચકવું અને મોટરમાં ફરવું હોય.’ વલી ગુજરાતી સાડી પહેરો અને માથે ઓઢો નહીં તો આંખને જોવું જ નહીં ગમે એવું રેઢિયાળ લાગે છે.’

## મનુબેનના માથેથી સરકેલી સાડીમાંથી ગાંધીજીનો ઉપદેશ

આટલી વાત પછી બાપુ અટક્યા ન હતા. હજુ થોડા દિવસો પહેલાં જ અવસાન પામેલા તેમના અર્ધાંગિની કસ્તૂરબાને યાદ કરતા વધુ કહે છે - ‘કાં તો બાના જેવી જૂના જમાનાની બહેનો જેમ પોતાના પોશાકમાં હંમેશા ધ્યાન રાખતી હતી, અને માથેથી કવચિત જ ઉઘાડી જાય તોય તરત જ સાવધ થઈ જતી એમ સાવધ રહેવું જોઈએ. આટલી વાત પછી પણ મનુબેનને તો ભાન જ ન હતું કે બાપુ મને આ બધું શા ઉપરથી કહે છે !’

પણ આવી અણસમજ દીકરીને વધુ સમજાવતાં બાપુ કહે છે, પણ તું સાડીમાં સાવધાન નથી રહી શકવાની, માટે તારે તો તું જેમ આગાખાન મહેલમાં પંજાબી પોશાક પહેરતી તેમ જ અહીં જો રહેવું હોય તો પહેરવાનો. એમાં પમ ખુલ્લે માથે રહેવું એ યોગ્ય જ તો નથી જ, છતાં તારા જેવી બાળા માટે એ એટલું અજુગતું કે રેઢિયાળ નહીં લાગે, જેટલું ગુજરાતી સાડી પહેરવી ને ખુલ્લે માથે ફરવું એ લાગે. હું તો તારી મા બન્યો છું ને ! એટલે મારે તો તને બધું કહેવું જ રહ્યું.

બાપુ અટક્યા નથી અને આગળ વાત કરતા કહે છે - આજે થોડા વાળ હોય કે વધારે સ્ત્રીઓ ઉનના કે કૃત્રિમ વાળના ચોટલા માથે નાખે એ માથે ઓઢ્યું હોય તો કેમ દેખાય ? હું તો બહેનોમાં રહેનારો માણસ છું. બહેનોને આગળ લાવવામાં મારો હાથ છે. બાને ફરી યાદ કરતા કહે છે, ‘વળી એક દહાડો હું એ જ હતો ને કે દક્ષિણ આફ્રિકા ગયો ત્યારે બા પારસણ જેવી લાગે તે માટે એને બૂટમોજાં પહેરતાં શીખવ્યાં હતા ! એને બિચારીને તો કયાં કશું ય ભાન હતું. મૂળમાં બાપુ સ્ત્રીને જે કુદરતી સૌંદર્ય છે તે કૃત્રિમમાં નથી એમ વ્યક્ત થાય છે. આટલું બધું બહેનોમાં કૃત્રિમપણું આવી ગયું છે એના વિશે મારામાં શંકા નથી કે એના કારણે જ બહેનો ઉપર અત્યાચાર થાય છે. ખોટા હીરામોતીના દાગીના થોડા વખતને માટે ચળખાટ આપશે, પણ અંતે કાળા પડી જશે. અને બધું જ ખોટું પહેરવાનો મોહ વધુ જાગ્યો છે, તેથી અંદરનું જીવન પણ ખોટું થઈ ગયું છે. જે પહેરવેશમાં ખોટાં છે તે આંતરિકતામાં શુદ્ધ હોય એ વાત હું તો કદી માનવાનો નથી. આખી બાબત સમજાવવા માટે તેઓ એક તળપદી શબ્દ વાપરે છે ‘ઓટલો વળ્યો છે’ - આજે બહેનોના હાથમાં હથિયાર મૂકો તો પણ બહેનો સામનો કરી શકે ? એવો વિચારતા કરી દે તેવો સવાલ તેઓ વ્યક્ત કરીને સ્ત્રીઓ માટે તેમનું કેટલું ધ્યાન છે એ પણ દર્શાવી દે છે.




ગાંધીજી મનુબેનના માથેથી સાડીનો છેડો ખસી ગયો એ ઉપરથી કૃત્રિમ ચોટલો દાગીના અને સાડીમાંથી બાપુજી વાત કયાંથી કયાં લઈ ગયો ? એમ જેમ આપણને પણ લાગે છે એમ મનુબેનને પણ લાગે છે, તેમ છતાં બાપુ આગળ ચાલે છે ચર્ચામાં. ને કહે છે, વળી આજકાલ નખ અને હાથ રંગવાની ફૅશન જાગી છે એનું નામ શું છે ? - આ સવાલથી મનુબેન હસી પડ્યા અને કહ્યું : ‘બાપુજી, આપે કદી નામ શીખવાનું કહ્યું હોત તો શીખી લેત. હોઠ રંગવાની શીશીને તો લિપસ્ટિક કહે છે, પણ નખની રંગી માટે શું વપરાય છે તે હું જાણતી નથી.’ જે છોકરી બાપુ અને બા સાથે જેલમાં અને આશ્રમમાં રહેતી હોય એને નખ રંગવાની શીશીની ખબર કેમ હોય ? એ પણ આપણને સમજાય એવું જ છે ને !

પણ મનુભેનના ઉત્તર છતાં બાપુ ફરી વાતનો દોર સાંધી લે છે અને કહે છે ‘એ બિચારી લિપસ્ટિક લગાડી હોઠ રંગે છે, નખ રંગે છે. પરિણામે એને એ જોવાની ફૂરસદ નથી રહેતી કે પોતે કેટલી દુર્બળ અને ફિક્કી થઈ ગઈ છે. પહેલાંની બહેનોના શરીરમાં એવું લોહી હતું કે કુદરતી જ હોઠ અને નખ લાલઘૂમ રહેતા. પશ્ચિમના આંધળા અનુકરમે આ સ્થિતિ લાવી દીધી છે. આમાં વાંક બહેનોનો અને પુરુષોનો તો છે જ, પણ બહેનો માફીને પાત્ર નથી જ. પશ્ચિમની શિસ્ત, સભ્યતા, વિનય, વિવેક, નિયમિતપણું, ઉદ્યમશીલ સ્વભાવ, ખંત, નવું નવું શીખવાની તમન્ના, બધાં સાથે ભળવાની ટેવ, આવું એ પ્રજામાં કેટલુંય શીખવાનું છે, જે આપણે ફેંકી દીધું અને એના પફપાઉડર અને એવી એવી ફૅશન લીધી. હું તો કહું છું કે બહેનો જ હિંદમાં સ્વરાજ - સુરાજય લાવી શકે - બાપુઆ વાત પોકારી પોકારીને કેમ કહેતા એ આગામી સપ્તાહે જોઈશું.’